# ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ યથાવત્

**છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરપ્રદેશમાં ૭૬, બિહારમાં ૨૨ના મોત : લેહમાં માઈનસ ૧૪.૨ તેમજ કારગીલમાં માઈનસ ૧૬.૪ ડિગ્રી તાપમાન**





નવી દિલ્હી, તા.૭

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજું અકબંધ રહ્યું છે. આજે સવારે પણ ઠંડીથી લોકોને કોઈ રાહત મળી ન હતી. ઉત્તર ભારતમાં જનજીવન યથાવત્ રીતે ખોરવાયેલું રહ્યું હતું. છેલ્લા ચોવીસ કલાકમાં ઉત્તરપ્રદેશ અને બિહારમાં ઠંડીના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. એક બાજુ ઉત્તરપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં જ ઠંડીના કારણે વધુ ૭૬ લોકોના મોત થતા દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. બીજીબાજુ બિહારમાં ઠંડીના કારણે ૨૨ લોકોના મોત થયા છે જ્યારે દિલ્હીમાં ઠંડીના કારણે ત્રણ લોકોના મોત થયા છે. છેલ્લા ચોવીસ કલાકમાં જ કાતિલ ઠંડીના કારણે ૧૦૧ લોકોના મોત થયા છે. કાશ્મીર ખીણના જુદા જુદા વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. શ્રીનગરમાં માઈનસ પાંચ ડિગ્રી તાપમાન નોંધાયુ છે જ્યારે લડાખ પ્રદેશમાં કારગીલમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અહીં માઈનસ ૧૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. બીજી બાજુ પહેલગામમાં માઈનસ ૮.૨ ડિગ્રી અને ગુલમર્ગમાં માઈનસ ૯.૮ ડિગ્રી તાપમાન થયુ છે. લેહમાં લઘુતમ તાપમાન માઈનસ ૧૪.૨ ડિગ્રી નોંધાયુ છે. આગામી ૨૪ કલાકમાં કાતિલ ઠંડીથી લોકોને કોઈ પણ પ્રકારની રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ લખનૌથી પ્રાપ્ર અહેવાલ મુજબ ઉત્તર પ્રદેશમાં જુદા જુદા વિસ્તારમાં ૭૬ લોકોના મોત થયા છે. આજે સવારે પાટનગર લખનૌમાં લઘુતમ તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. લખનૌ ઉપરાંત બહરાઈચમાં બે ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યુ છે. જ્યારે ગોંડામાં ૪.૨, સુલતાનપુરમાં ૪.૫, રાયબરેલીમાં ૪, ફૈઝાબાદમાં ૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. વારાણસીમાં ૩.૬, કાનપુરમાં ૩.૮, ગોરખપુરમાં ૩.૧, ઝાંસીમાં ૩.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ છે. એવી જ રીતે બિહારમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૨૨ લોકોના મોત થયા છે જેમાં કેમોરમાં છ, નાલંદામાં સાત, સારણમાં ચાર, વૈસાલી અને શેખપુરામાં બે-બે લોકોના મોત થયા છે.રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે લઘુત્તમ તાપમાન ૨.૪ ડિગ્રી નોંધાયું હતું. અલબત્ત દિલ્હીમાં લઘુત્તમ તાપમાનમાં ગઈકાલના ૧.૯ ડિગ્રીની સરખામણીમાં સુધાર થયો છે છતાં સામાન્ય કરતા તાપમાન ૫ ડિગ્રી ઓછું નોંધાયું છે. ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે જેથી લોકોને તેમના ઘરની અંદર રહેવાની ફરજ પડી રહી છે. બીજી બાજુ વિઝિબિલિટીની તકલીફના કારણે રેલ અને વિમાની સેવા ખોરવાઈ ગઈ છે. આજે સવારે ઓછામાં ઓછી ૧૬ ટ્રેનો રદ કરવામાં આવી હતી. ૧૧ ટ્રેનો મોડેથી દોડી રહી છે. મોટાભાગની ટ્રેનો જે અસરગ્રસ્ત રહી છે તેમાં ઉત્તર અને ઉત્તર પૂર્વીય સેક્ટર વચ્ચે દોડતી ટ્રેનનો સમાવેશ થાય છે. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સાત ઈન્ટરનેશનલ અને નવ સ્થાનિક ફલાઈટોને રનવે ઉપર વિઝિબિલિટીના કારણે ઉડ્ડાણમાં તકલીફ થઈ હતી. હવામાન ખાતાએ આગાહી કરી છે કે સ્થિતિ હજુ પણ યથાવત્ રહેશે. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારમાં સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી કરાઈ છે. જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં રેકોર્ડ નીચું તાપમાન નોંધાયું છે. પારો માઈનસમાં પહોંચી ગયો છે. જુદી જુદી જગ્યાઓએ બરફ જામી ગઈ છે. છેલ્લા ૩૫ વર્ષમાં પુંચમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે.

**ઓઈલ ઈન્ડિયામાં હિસ્સો વેચાશે**

## ટૂંક સમયમાં એનટીપીસીમાં ડિસઈન્વેસ્ટમેન્ટ કરાશે

નવી દિલ્હી, તા.૭

સરકાર આ મહિનાના બીજા પખવાડિયામાં ઈન્ડિય ઓઈલમાં ૧૦ ટકા હિસ્સો વેચવાની યોજના સાથે આગળ વધશે. ત્યાર બાદ ફેબ્રુઆરીના પ્રથમ ૧૪ દિવસમાં એનટીપીસીના ઈશ્યૂ મારફતે આગળ વધવામાં આવશે. નાણાં મંત્રાલયના અધિકારીએ આજે આ મુજબની માહિતી આપતા કહ્યુ હતુ કે જાન્યુઆરીના બીજા પખવાડીયામાં અમે ઓઈલ ઈન્ડિયાન ઈશ્યૂ સાથે બહાર આવીશું. ફેબ્રુઆરીના પ્રથમ પખવાડીયામાં એનટીપીસી પણ હાથ ધરવામાં આવશે. ડિસઈન્વેસ્ટમેન્ટ સચિવ ડીકે મિત્તલ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૩૦૦૦૦ કરોડના ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટના ભાગરૂપે સરકાર ઓઈલ ઈન્ડિયામાં ૧૦ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. આનાથી પ્રવર્તમાન માર્કેટ કિંમતમાં ૨૭૦૦ રૂપિયા ઉભા થશે. ઉપરાંત એનટીપીસીમાં ૯.૫ ટકા હિસ્સો વેચીને બીજા ૧૨૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવશે. સરકાર હરાજી રૂટ મારફતે એનટીપીસીમાં ૯.૫ ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. નાણાંકીય વર્ષના અંત પહેલા સરકાર વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં નક્કી કરવામાં આવેલા ૩૦૦૦૦ કરોડના લક્ષ્યને હાંસલ કરવા પ્રયાસ કરશે. હજુ સુધી પીએસયુમાં લઘુમતિ હિસ્સો વેચીને માત્ર ૬૯૦૦ કરોડ રૂપિયા જ ઉભા થઈ શક્યા છે. એનએમડીસી મારફતે ૬૦૦૦ કરોડ ઉભા કરાયા હતા. હિન્દુસ્તાન કુપરમાં હિસ્સો વેચી ૮૦૮ કરોડ રૂપિયા ઉભા કરાયા હતા. સરકારે ઓઈલ ઈન્ડિયા, શેલ, હિન્દુસ્તાન એરોનોટિક્સ સહિત ૧૦ કંપનીઓ ઓળખી કાઢી છે જેમાં ડિસઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે.

## ગેંગ રેપ કેસની બંધ બારણે સુનાવણી

નવી દિલ્હી, તા.૭

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બરના દિવસે રાત્રે ચાલતી બસમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની પર ગેંગ રેપ અને હત્યાના મામલામાં કોર્ટે આજે બંધ બારણે સુનાવણી હાથ ધરવાનો આદેશ આપ્યો હતો સાથે સાથે કોર્ટે મીડિયાને આ મામલાના રિપોર્ટીંગથી દૂર રાખવાનો પણ નિર્ણય કર્યો છે. મીડિયા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસ બંધ બારણે આ કેસની સુનાવણી ચલાવવા કોર્ટને અપીલ કરી ચુકી છે. સામૂહિક બળાત્કાર અને હત્યાના મામલામાં આજે આરોપીઓની રજુઆત કરવા માટે આવેલા વકીલ અને અન્ય વકીલો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બીજી બાજુ મામલામાં આરોપીઓને રજુ કરવામાં આવે તે પહેલા જ કોર્ટની આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા જેના પરિણમ સ્વરૂપે કોર્ટમાં આ કેસના પાંચેય આરોપીઓને રજુ કરી શકાયા ન હતા.

સાકેત કોર્ટે પોતાના આદેશમાં એમ પણ



કહ્યુ હતુ કે કોર્ટની મંજુરી વગર કાર્યવાહી અને સુનાવણી સાથે સંબંધિત કોઈ પણ સામગ્રી પ્રકાશિત કરી શકાશે નહીં. કોર્ટનો આ આદેશ એવા સંબધમાં આવ્યો છે જ્યારે દિલ્હી પોલીસે પોતાની અરજીમાં પાંચેય આરોપીઓની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. ગેંગ રેપના છ આરોપીઓ પૈકી પાંચ આરોપીઓને આજે સવારે હાજરી માટે કોર્ટમાં લાવવામાં આવ્યા હતા પરંતુ કોર્ટમાં પહેલાથી જ ભારે ભીડ હોવાના કારણે આરોપીઓને મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટની સમક્ષ રજુ કરી શકાયા ન હતા. કોર્ટે એમ પણ કહ્યુ હતુ કે જ્યાં સુધી લોકો દૂર થશે નહીં ત્યાં સુધી કેસની સુનાવણી હાથ ધરવામાં આવશે નહીં. મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ નમરિતા અગ્રવાલે કહ્યુ હતુ કે કોર્ટમાં આરોપીઓની ઉપસ્થિતિ માટે કોઈ ખાલી જગ્યા નથી ત્યાર બાદ તેઓ પોતાના ચેમ્બરમાંથી નીકળી ગયા હતા. આ ગાળા દરમિયાન કોર્ટ રૂમમાં ૪૦ સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા હતા. આજે સવારે દિલ્હી ગેંગ રેપ કેસની સુનાવણી દરમિયાન કોર્ટમાં કેટલાક ઘટનાક્રમ જોવા મળ્યા હતા. આરોપીઓની તરફેણમાં આવેલા વકીલોની હાજરીનો અન્ય વકીલો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આરોપીઓનો બચાવ નહીં કરવા જુદા જુદા વકીલ સંગઠનો વાત કરી ચુક્યા છે ત્યારે પાંચેય આરોપીઓની તરફેણ કરવા વકીલ આવ્યા ત્યારે બોલાચાલી પણ થઈ હતી. મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટે વધારે કોઈ વાત કરી ન હતી. આ ગાળા દરમિયાન પત્રકારો, વકીલો અને પોલીસ કર્મી પહેલાથી જ પહોંચી ગયા હતા. કોર્ટ રૂમમાં જગ્યા ઓછી હોવાના લીધે પાંચેય આરોપીઓ રામસિંહ, મુકેશ, વિનય શર્મા, પવનગુપ્તા અને અક્ષય ઠાકુરને રજુ કરી શકાયા ન હતા.

## દિલ્હીમાં ગુંગળામણથી ૩ના મોત થતા ચકચાર

નવી દિલ્હી, તા.૭

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ઠંડીના કારણે ત્રણ લોકોના મોત થઈ ગયા છે. દિલ્હીમાં કાતિલ ઠંડી બાદ ચારે બાજુથી રૂમ બંધ રાખવામાં આવ્યા બાદ ઘરમાં જ તાપણુ કરવામાં આવ્યું હતુ જેના લીધે ધુમાડો થઈ જવાના કારણે ગુંગળામણથી ત્રણ લોકોના મોત થયા હોવાની વિગત સપાટી પર આવી છે. નાંગલોઈમાં એક પરિવારના ત્રણ સભ્યોના મોત બાદ ભારે સોપો પડી ગયો છે. પોલીસના જણાવ્યા મુજબ ઘરમાં કેટલાક લોકો બેભાન અવસ્થામાં પણ મળી આવ્યા છે. આમાથી ત્રણના હોસ્પિટલ લઈ જતી વેળા મોત થયા હતા. જ્યારે બાકીના ત્રણ લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ પ્રકારનો બનાવ દિલ્હીમાં પ્રથમ બન્યો છે. રૂમ બંધ રહેવાના કારણે ધૂમાડાની સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને ગુંગળામણથી તમામના મોત થયા હોવાનું જાણવા મળ્યુ છે.

## ધુલે પોલીસ ફાયરીંગમાં મોતનો આંકડો ચાર થયો

મુંબઈ, તા.૭

ધુલે પોલીસ ફાયરીંગમાં મોતનો આંકડો વધીને ચાર ઉપર પહોંચી ગયો છે. બીજી બાજુ ઉત્તરીય મહારાષ્ટ્ર શહેરમાં પરિસ્થિતિ ખૂબ જ તંગ બનેલી છે. બે સમુદાય વચ્ચે હિંસક અથડામણ થયા બાદ પરિસ્થિતિ કાબૂ હેઠળ છે. જો કે સંચારબંધી યથાવત્ રીતે અમલમાં છે. પોલીસે કહ્યું છે કે ટીનેજર સહિત ચાર લોકોના મોત થઈ ગયા હતા. અન્ય ૨૦૦ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તો પૈકી સાતની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. મૃત્યુ પામેલા લોકોમાં એક ૧૮ વર્ષીય યુવક સામેલ છે. ગઈકાલ બાદથી પરિસ્થિતિ સંપૂર્ણ કાબૂ હેઠળ છે. ડિરેક્ટર જનરલ ઓફ પોલીસમાં અધિકારીઓએ કહ્યું છે કે રવિવારે સાંજના લાદવામાં આવેલી સંચારબંધી યથાવત્ રીતે અમલી રાખવામાં આવી છે. શહેરમાં મચ્છી બજાર વિસ્તારમાં સંચાર બંધી લાદવામાં આવી હતી. આ વિસ્તારમાં સૌથી વધ હિંસા થઈ હતી. પોલીસનું કહેવું છે કે પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ સંચાર બંધી હળવી કરવાના મુદ્દે નિર્ણય લેવામાં આવશે. બીજી બાજુ ધુલે પોલીસે સંપત્તિને નુકસાન પહોંચાડવા બદલ વણઓળખાયેલા લોકો સામે આઈપીસીની કલમ હેઠળ કેસ દાખલ કર્યો છે. રવિવારે બે સમુદાય વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ અથડામણ ટૂંક સમયમાં શહેરના મચ્છી બજાર અને માધવપુરા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી.

હિંસામાં ૫૦ પોલીસ જવાન પણ ઘાયલ થયા હતા. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા ગોળીબાર પણ કર્યો હતો જેમાં ચાર લોકોના મોત થયા હતા. ચાર લોકો દ્વારા હોટલ બિલની ચૂકવણી નહીં કરવાના મામલે બોલાચાલી કરી હતી જેથી સ્થિતિ વણસી ગઈ હતી. બિલના મામલે હોટલ સ્ટાફ સાથે મારામારી પણ કરવામાં આવી હતી.

## દિલ્હી વન-ડે ફિક્સ હોવાના નિક્સનના દાવાથી વિવાદ

નવી દિલ્હી ,તા. ૭

ભારત અને પાકિસ્તાન વચ્ચે અંતિમ વન-ડે મેચ ફિક્સ હોવાનો દાવો કરીને ઇંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર પોલ નિક્સને વિવાદ છેડી દીધો છે. ગઈકાલે દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન ઉપર ત્રીજી અને અંતિમ મેચ રમાઈ હતી. મેચ દરમિયાન અડધી પાકિસ્તાનની ટીમ આઉટ થઈ ગયા બાદ નિક્સને સોસિયલ નેટવર્કિંગ સાઇટ ટ્વીટર ઉપર જણાવ્યું હતું કે પ્રવાસી ટીમ જાણી જોઈને હારી ગઈ હતી. આ મેચમાં પાકિસ્તાને ૩૮ રનમાં છેલ્લી છ વિકેટ ગુમાવી દીધી હતી અને ભારતની ૧૦ રને જીત થઈ ગઈ હતી. ટ્વીટર ઉપર જ્યારે નિક્સલના એક ચાહકે પ્રશ્ન કર્યો કે મેચ ફિક્સ છે ત્યારે તેના જવાબમાં નિક્સને જણાવ્યું હતું કે શું તમે મેચ નિહાળી રહ્યા છે. આ મેચ નહીં હાસ્યાસ્પદ કૃત્ય છે.

જ્યારે લેગ સ્લીપમાં ફિલ્ડર છે તેમ છતાં હફીઝ સ્લીપમાં રમી રહ્યો છે તો ચોક્કસપણે ભારતના ૧૨માં ખેલાડી એટલે કે બુકીનો આ કમાલ છે. ઇંગ્લેન્ડ તરફથી ૧૯ વન-ડે મેચ રમી ચૂકેલા નિક્સને કહ્યું હતું કે પાકિસ્તાન માટે અંતિમ મેચ હારવાની બાબત કોઈ નવી બાબત નથી. જ્યારે પાકિસ્તાન પહેલાંથી જ વન-ડે શ્રેણી ૨-૦થી જીતી ચૂક્યું હતું. ૨-૦થી જીત બાદ કોઈ વધારે અંતર રહેતું નથી. જૂન ૨૦૧૨માં નિક્સને પોતાની આત્મકથામાં મેચ ફિક્સિંગને લઈને કેટલાક ચોંકાવનારા દાવા કર્યા હતા. એ વખતે એમ પણ કહ્યું હતું કે એક સ્થાનિક મેચ હારવા માટે ભારતીય બુકીં દ્વારા લાખો ડોલરની ઓફર કરવામાં આવી હતી. નિક્સને એમ પણ કહ્યું હતું કે આઈસીસીની ભ્રષ્ટાચાર વિરોધી યુનિટ સમક્ષ આ અંગે રજૂઆત પણ કરવામાં આવી હતી.

## સંગમાની નેશનલ પીપલ્સ પાર્ટીની સત્તાવાર રચના

નવીદિલ્હી,તા.૭

લોકસભાનાં ભુતપૂર્વ અધ્યક્ષ પી.એ.સંગમાએ આખરે પોતાનાં ખુદના રાજકીય પક્ષ નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી)ની સત્તાવાર રચના કરી હતી. નેશનલ કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું આપ્યા બાદ સંગમા તાજેતરમાં જ રાષ્ટ્રપતિ પદ માટે પ્રણવ મુખર્જી સામે ચુંટણી લડ્યા હતાં. નવ વખત સાંસદ રહી ચૂકેલા સંગમાને ૨૦૧૨માં એનસીપીમાંથી હાંકી કઢાયા હતાં પરંતુ તેમણે નવા પક્ષની રચના કરવામાં થોડો વિલંબ કર્યો હતો. અંતે રવિવાર તેમણે એનપીપી પક્ષની જાહેરાત કરી હતી. પ્રણવ મુખર્જી સામે રાષ્ટ્રપતિ પદ માટે ચુંટણી લડવાના તેમનાં નિર્ણય સામે એનસીપીએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો પરંતુ સંગમાએ પાછીપાની કરવાનો ઈન્કાર કરી દેતાં તેમને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતાં. નવા પક્ષની રચના બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં સંગમાએ તેમના નવા પક્ષના સાથીદારોની પણ જાહેરાત કરી હતી.

## પુત્રીના નામે હોસ્પિટલ બનાવવા પિતાની ઇચ્છા

બળાત્કારનો શિકાર થયેલી યુવતીના પિતાએ હવે તેની પુત્રીના નામે હોસ્પિટલ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે અન્ય ભોગ બનેલી યુવતીઓને માનસિક રીતે તાકાત બને તેના હેતુસર તેઓ આ પ્રકારની રજુઆત કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે તેમની સાહસી પુત્રી ડોક્ટર બનવા માટે ઈચ્છુક હતી અને લોકોની મદદ કરવા માંગતી હતી જેથી તેના નામ પર હોસ્પિટલ નબાવીને તેની બાકી રહેલી ઈચ્છાઓને પૂર્ણ કરી શકાય છે. તેના સ્વપ્નને પૂર્ણ કરવા આ રીતે આગળ વધી શકાય છે. જો હોસ્પિટલ બનાવવામાં આવશે તો તેમને એક પિતા તરીકે ગર્વ થશે. તેમણે કહ્યુ છે કે તેમના ગામમાં આરોગ્ય અને અન્ય પ્રકારની સુવિધા નથી જેથી તેઓ હોસ્પિટલ બનાવવામાં આવે તેવી ઈચ્છા ધરાવે છે.

## શેરબજારમાં આજે મંદીનું મોજુ

મુંબઈ, તા.૭

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૧૯૬૯૧ની સપાટીએ બંધ રહ્યો હતો. તેમાં ૯૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ એક વખતે ૧૯૮૫૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બીજી બાજુ નિફ્ટીએ ફરી ૬૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. નિફ્ટી ૨૮ પોઈન્ટ ઘટીને ૫૯૮૮ની સપાટી રહ્યો હતો. શેરબજારમાં મંદી માટે આજે જુદા જુદા ઘણા કારણો જવાબદાર રહ્યા હતા. શેરબજારમાં આજે ઉથલપાથલ જોવા મળી હતી. નિફ્ટીએ ૬૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. કારોબારના અંતે નિફ્ટી ૨૮ પોઈન્ટ ઘટી ૬૦૦૦થી નીચે રહ્યો હતો. નિફ્ટી ૫૯૮૮ની સપાટીએ બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ)દ્વારા પાંચમી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે દેશમાં માઈક્રો આર્થિક ચિત્ર બગડી ગયુ હતુ. સીઆઈઆઈ બિઝનેસ કોન્ફિડેન્સ ઈન્ડેક્સમાં૫૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. એશિયામાં નિક્કીમાં એક ટકાનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૦૫૯૯ બોલાઈ હતી. હેંગસેંગ, તાઈવાન, કોસ્પી નકારાત્મક ઝોનમાં રહ્યા હતા. ઘણા એશિયન મેટલ, અને માઈનિંગ શેરમાં શુક્રવારના દિવસે ઘટાડો રહ્યો હતો. વિદેશી સંસ્થાકિય રોકાણકારો દ્વારા ૧૧૬૪.૪૧ કરોડની કિંમતના શેરની ખરીદી કરવામાં આવી છે. ઘરઆંગણે મોટાભાગના સેક્ટરલ ઈન્ડેક્સમાં ઉથલપાથલની સ્થિતિ જોવા મળી હતી.

## સમાચાર ઝલક

- ભવિષ્યમાં કેન્સરને એક જ ઇન્જેંકશનથી સારવાર મળી શકશે.
- ગેંગરેપ, બળાત્કાર વિષે અનેક આક્ષેપો કરતાં માયાવતી.
- દિલ્હીમાં પૂજારી દ્વારા વધુ એક બળાત્કારનો બનાવ બન્યો.
- મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી, ગુજરાત, કાશ્મીરમાં ઠંડીનો કહેર.
- ઝારખંડ રાજય સરકાર મુશ્કેલીમાં.
- મુંબઇના આઝાદ ચોકમાં જૈન સમાજની રેલી-દેખાવો.
- પશ્ચિમ બંગાળના કોલકાતામાં એક ઘરમાં આગ લાગતાં ૬ વ્યક્તિઓનાં મોત.
- સિરીયામાં શાંતિ માટેની નવી દરખાસ્ત રાષ્ટ્રપતિએ રજૂ કરી.
- સ્પેનમાં એક અરબ નાગરિકને એક અબજની લોટરી લાગી.
- અમેરિકા-યુરોપને મંદીમાં સચેત રહેવા વિશ્વ બેંકની ચેતવણી.
- બળાત્કાર અંગે આશારામ બાપુનું વિવાદાસ્પદ, શરમજનક નિવેદન, લોકોએ વખોડ્યું.
- ભાવનગર જિલ્લામાં ચોરીના આરોપસર બે મહિલાઓને ગરમ તેલમાં હાથ બોળાવ્યાં.
- જલારામધામ વીરપુરમાં પાણીનો દુષ્કાળ, લોકોએ સ્વયંભૂ બંધ પાળ્યો.
- મહારાષ્ટ્રના ધૂલિયામાં જૂથ અથડામણમાં અનેક ઘાયલ, ૪નાં મોત.
- રાજપથ કલબનો ટેનિસ કોચ ૪ દિવસથી ગુમ, પોલીસ ફરિયાદ.
- મહિલાઓએ અનોખી ચપ્પલ બનાવી, રૂા. ૨૦૦૦ની કિંમતવાળા ચપ્પલમાંથી કરંટ લાગે, જે મહિલાઓ સુરક્ષિત રહી શકે.

**વીસરાયેલા રસ્તા** (પાના નં. ૪ નું ચાલુ)

ઠકરાણી સાહેબ દરબારગઢ બહાર પગ ન મૂકતા. એમને ઉદેપુર જવું હોય કે માઉન્ટ આબુઃ જૂના મોડલની શિકારી જિપ્સી છેક એમના રાણીવાસની પોર્ચમાં જઈ એમને પોતાના ઉદરમાં પધરાવતી અને પછી બારોબાર બ્લ્યુ લાઈના ઝબકારા મારતી મારતી અંબાજી હાઈવે પર ચડી જતી. ગામમાં ભાગ્યે જ કોઈએ ઠકરાણીનું મોઢું જોયું હશું. બહારગામ વિઝિટે જતાં સમય પસાર કરવા ભવાનસંગ અવારનવાર દરબાર ગઢ સાથે સંકળાયેલી અવનવી દંતકથાઓ વર્ણવ્યા કરો. જાણે અરેબિયન નાઈટ્સની વાર્તા વાંચતો હોય એટલા રસથી નવોસવો ડૉકટર થઈને આવેલો તરવરિયો કેશવ એટલા રસથી તાજ્જુબ થઈ જતો. 'અલ્યા ભવાનસિંહ, કોક દિવસ અમને તો બતાવ તારાં ઠકરાણી સાહેબ!' અનાયાસ મનના ભંડકિયામાં ધરબાયેલી એષણા હોઠવગી થઈ ગઈ હતી.

'આજે તમારી ઈચ્છા પૂરી થવાની.' ખખડધડ ફોર્ડ જીપ ચાલુ કરતાં ભવાનસંગ બોલ્યો : 'પણ જોજો, અંજાઈ ના જતા. મેં તો એમનું મોઢું જોયું નથી અને મારે એ જોવું ય નથી, પણ મેં સાંભળ્યું છે કે ઠકરાણી બહુ રૂપાળા છે બઈજીબાનેય કાલે છોકરૂં આવશે, પણ ઠકરાણીને ઉંમર આભડે એ વાતમાં માલ નહીં...'

ડૉ. કેશવલાલ સ્વરૂપચંદ મહેતાનાં રૂવાડાં ઊભા થઈ ગયાં. જાણે એ પ્રસંગ ગણતરીના કલાકો પહેલાં જ ન બન્યો હોય! એમની વૃધ્ધ આંખો સામે એ ચાળીસ વરસ પહેલાંનો પોષ મહિનો તાદશ થઈ ઊઠ્યો. ભવાનસંગે એમને દરબારગઢના પ્રવેશદ્વાર આગળ ઉતારીને કહ્યું હતું 'અમારા જેવાથી આ ઉંબરો ના ઓળંગાય. તમે તો દાકતર સાહેબ. તમારા માટે કશું બંધન ના હોય.' હજી એ વાક્ય પૂરું કરે એ પહેલાં માથાઢંક કામળો ઓઢી દરબાગઢનો જૂનો વયોવૃદ્ધ નોકર ચેહોજી ફાનસ લઈને દરવાજા તરફ આવતો દેખાયો હતો.

'દાકતર સાહેબની બૅગ લેવા મોકલ્યો છ ઠકરાણીબાએ!' ચેહાજીને બૅગ પકડાવી યુવાન ડૉકટર એની પાછળ પાછળ ચાલ્યા. અંદરના ઓરડાના અધખૂલાં કમાડ આગળ રાહ જોતાં ઊભેલાં ઠકરાણીએ ચહેરા પર તરસી ડાંસ ટૉચ ફેંકીને પૂછ્યું : 'આવી ગયા! ટાઢ નથી વાતી તમને' ચેહાજીને બહાર ચાલ્યા જવાનો ઈશારો કરી ઠકરાણીએ કહ્યુંઃ 'મારી પાછળ પાછળ આવો.' એ ટોર્ચના અજવાળે અજવાળે ડૉકટરને દરબાર ગઢના ભોંયરામાં દોરી ગઈ.

'બઈજી બા?' ડૉ.કેશવલાલથી વાક્ય પૂરૂં ન થઈ શક્યું.

'તમારે તો ફીથી જ કામ છે ને! બઈજીબા હેમખેમ છે - તો પછી?'

પણ એ સવાલ ડૉ. કેશવલાલના ગળામાં જ સમાઈ ગયો હતો. 'હું સમજી શકું છું. તમને કદાચ સંકોચ થતો હશે. પણ ડૉકટર, અહીં આપણે બે જ જણ છીએ.' એના ચહેરા પર આસુરી ભૂખ તબકી ઊઠી હતી : તમે પુરૂષ છો. હું સ્ત્રી છું. કેમ ઠકરાણીને મન ના હોય?' એણે ડૉકટરને બાહુપાશમાં લઈ પૂછ્યું હતું 'પહેલાં થોડુંક ડ્રિંકશ લઈશું?'

● ● ●

કલાક પછી લથડતી ચાલે દરબારગઢના દરવાજે પહોંચ્યા ત્યારે ભવાનસંગ એની જૂની જીપના ગવર્નર પર માથું ઢાળીને ઊંઘી ગયો હતો. ડૉ. મહેતાએ રાતોરાત ગઢવાડું છોડી દીધું હતું. ગમે તેમ તોય વાણિયાનું લોહી ને! સામાન પણ અઠવાડિયા પછી ભવાનસંગ જ પહોંચાડી ગયો હતો. એણે ડૉકટરને વારંવાર પૂછ્યું હતું સાહેબ, આવું સુખી ગામ બીજે નહીં મળે હોં! આવો જામેલો ધંધો શું કામ છોડી દ્યો છો? ઠકરાણીએ કાંઈ ધમકી તો નથી આપી? બઈજીને અડપલું- બડપલું તો ન'તા કરી બેઠા! એવું કાંઈ હશે તો ય ગભરાવવાની જરૂર નથી : હું બેઠો છું ને, વાઘ જેવો!

પણ ડૉ. કેશવલાલ સ્વરૂપચંદ મહેતાએ એમના વિશ્વાસુ જીપવાળા આગળ તે રાતે બનેલી ઘટના વિશે હરફ ન હોતો ઉચ્ચાર્યો. અચાનક એમને કશુંક આંચકી જેવું આવી ગયું.

ચાળીસ વરસ થઈ ગયાં હતાં એ વાતને. કોણ જાણે ભવાનસંગ પણ હયાત હશે કે કેમ! ને ઠકરાણી? - એટલો વિચાર આવતાં જ એમને કમકમાં આવી ગયાં. હવે તો ગઢવાડા એટલું બધું વિકસી ગયું છે કે દરબારગઢ જવાનો રસ્તો પણ કોઈને પૂછવો